**<u>મ્યુનિસિપલ બરો તથા નગરપાલિકાઓ માટે</u>**
**<u>પ્રોત્સાહક અનુદાન આપવાની યોજના અંગે.</u>**
(નાણાંકીય વર્ષ સને ૨૦૦૦-૨૦૦૧ માટે )

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
**ઠરાવ ક્રમાંક એસએફસી-૧૦૯૯-૨૫૪૫-૨,**
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- ૨૨-૧૧-૯૯

<u>વંચાણે લીધાઃ-</u>

- પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસનો તા.૧-૧૧-૭૭ ના ઠ.ક્ર.જીઆઇએ-૧૦૭૬-૧૬૮૩-પી.૧
- પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસનો તા.૩૧-૧૨-૮૦ નો ઠ.ક્ર.નપલ-૪૫૭૮-૩૬૫૨-(૮૦)-મ.

<u>ઠ રા વઃ-</u>

મ્યુનિસિપલ બરો તથા નગરપાલિકાઓ તેમની આર્થિક સ્થિતિ સુધારે, તેમની આવકના સ્ત્રોતો વિસ્તૃત કરે, નવીન પ્રકારના કરવેરા/ફી દાખલ કરે, કરવેરાનું માળખું સુધારીને તથા વસુલાતની ટકાવારી વધારીને આવક વધારવા પ્રોત્સાહીત થાય તે માટે રાજય નાણાં પંચ દ્વારા સૂચવાયેલા પ્રોત્સાહક અનુદાનની યોજના ઘડી કાઢવાની બાબત વિચારણા હેઠળ હતી. તદનુસાર નગરપાલિકાઓને પ્રોત્સાહક અનુદાન આપવા માટે નવી યોજના હેઠળ નીચે જણાવેલ ધોરણો નિયત કરવામાં આવે છે.

૨.૧ જે નગરપાલિકાએ ૪૦ ટકા થી નીચે અગાઉના વર્ષ માટેનું ચાલુ માંગણું વસુલ કરેલ હોય તે સંસ્થાએ તે પછીના વર્ષે અગાઉના વર્ષની ચાલુ માંગણાની વસુલાત કરતાં ૨૦ ટકા વધારો ચાલુ માંગણામાં કરવાનો રહેશે તેમજ અગાઉના કુલ બાકી લેણાં જે હોય તેની વસુલાતમાં પણ આગળના વર્ષની સરખામણીમાં ઓછામાં ઓછો ૨૦ ટકા વધારો કરવાનો રહેશે,

૨.૨ ૪૦ ટકાથી વધુ પરંતુ ૬૦ ટકાથી નીચે અગાઉના વર્ષના માંગણાની વસુલાત કરી હોય તેવી નગરપાલિકાએ પછીના વર્ષે અગાઉના વર્ષની ચાલુ માંગણાની વસુલાત કરતાં ૧૫ ટકા વધારે વસુલાત કરવાની રહેશે અને અગાઉના કુલ બાકી લેણાં જે હોય તેની વસુલાતમાં પણ આગળના વર્ષની સરખામણીમાં ઓછામાં ઓછો ૨૦ ટકા વધારો કરવાનો રહેશે.

૨.૩ ૬૦ ટકાથી ઉપર અને ૮૦ ટકા થી નીચે જે નગરપાલિકાએ અગાઉના વર્ષમાં વસુલાત કરી હોય તેવી સંસ્થાએ તે પછીના વર્ષે અગાઉના વર્ષની ચાલુ માંગણાની વસુલાત કરતાં ૧૦ ટકા વધારો કરવાનો રહેશે અને અગાઉના કુલ બાકી જે લેણા હોય તેની વસુલાતમાં પણ આગળના વર્ષની સરખામણીમાં ઓછામાં ઓછો ૨૦ ટકા વધારો કરવાનો રહેશે.

૨.૪ જે નગરપાલિકાએ અગાઉના વર્ષના ચાલુ માંગણાની ૮૦ ટકાથી વધુ વસુલાત કરી હોય તેવી સ્થાનિક સંસ્થાએ ચાલુ વર્ષના માંગણાની અગાઉ જેટલા ટકા વસુલાત કરી હોય તેનાથી ઓછી વસુલાત ન થાય તે જોવાનું રહેશે જયારે અગાઉના વર્ષોના કુલ બાકી જે લેણાં હોય તેની વસુલાતમાં આગળના વર્ષની સરખામણીમાં ઓછામાં ઓછો ૨૦ ટકા વધારો કરવાનો રહેશે.

**આ અંગેનું ઉદાહરણ કોઠા સ્વરૂપે નીચે મુજબ છે.**

| કક્ષા | સને વર્ષ ૧૯૯૮-૯૯ ના ચાલુ માંગણાની વસુલાત (ટકાવારી) | સને ૧૯૯૯-૨૦૦૦ ના આગળના વર્ષની સરખામણીમાં ચાલુ માંગણાની વસુલાતમાં વધારો (ટકામાં) | વર્ષ સને ૧૯૯૯-૨૦૦૦ આગળના વર્ષની સરખામણીમાં અગાઉના બાકી લેણાંની વસુલાતમાં વધારો (ટકામાં) |
|---|---|---|---|
| (૧) | ૪૦ ટકાથી નીચે | ૨૦ ટકા | ૨૦ ટકા વધારો |
| (૨) | ૪૦ ટકાથી ૬૦ ટકા નીચે | ૧૫ ટકા | ૨૦ ટકા વધારો |
| (૩) | ૬૦ ટકાથી ૮૦ ટકા નીચે | ૧૦ ટકા | ૨૦ ટકા વધારો |
| (૪) | ૮૦ ટકાથી વધુ | વર્ષ સને ૯૮-૯૯ થી ઓછી વસુલાત નહીં. | ૨૦ ટકા વધારો |

જે નગરપાલિકાઓ ઉપર્યુકત ધોરણે વસુલાતમાં વધારો કરે તેઓને વધારાની વસુલાતના ૧૫ ટકા રકમ પ્રોત્સાહક ઇનામ તરીકે અનુદાન આપવામાં આવશે. રાજય સરકારની નગરપાલિકા નિયામક મારફત અમલમાં છે તે પ્રોત્સાહક યોજના તથા ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ દ્વારા અમલમાં છે તે પ્રોત્સાહક અનુદાન/પ્રોત્સાહક ઇનામી યોજના નાણાંકીય વર્ષ સને ૨૦૦૦-૨૦૦૧ થી બંધ કરવામાં આવે છે અને તેની જગાએ નાણાંકીય વર્ષ સને ૨૦૦૦-૨૦૦૧ થી ઉપર્યુકત મંજૂર કરેલ નવી યોજના ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ દ્વારા અમલમાં મૂકવામાં આવે છે. મ્યુનિસિપલ નાણાં બોર્ડે નિયત કરેલ પાત્રતા/ધોરણો શહેરી સ્થાનિક સંસ્થાઓ હાંસલ કરે તેની ચકાસણી કરીને ઇનામની રકમની ચૂકવણી જે તે સ્થાનિકે સંસ્થાને કરવાની રહેશે.

ઉપર્યુકત યોજના પાછળ થનાર ખર્ચ માંગણી નંબર ૧૦૦- અંદાજપત્રના મુખ્ય સદર **૨૨૧૭- શહેરી વિકાસ-૮૦-સામાન્ય-૮૦૦ અન્ય ખર્ચ (૯) સહાયક અનુદાન (ખ) સ્થાનિક સંસ્થાઓને (૫) નગરપાલિકાઓને તેમનાં નાણાંકીય સ્થિતિ સુધારવા પ્રોત્સાહક યોજના (આયોજન બહાર) હેઠળ મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.**

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧-૯-૯૯ ના રોજ મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી.આર.પટણી
ઉપસચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

પ્રતિ,

- માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (નાણાં) ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
- માન.રાજયકક્ષા મંત્રીશ્રી(શવિ) ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, અમદાવાદ.
- નિયામકશ્રી નગરપાલિકાઓ, ગુજરાત રાજય, અમદાવાદ.
- પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજય, કલેકટર કચેરી કંપાઉન્ડ, રાજકોટ.
- સર્વે નગરપાલિકા/મ્યુનિસિપલ બરોના મુખ્ય અધિકારીઓ.
- સર્વે કલેકટરશ્રી.
- એ.જી.ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ, નવી સિવિલ હોસ્પિટલ, અમદાવાદ.
- તિજોરી અધિકારીશ્રી અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભાગ.
- સેકશન અધિકારીશ્રી (પી,મ,ધ,બ શાખા) શ.વિ અને શ.ગૃ.નિ.વિભાગ.
- પસંદગી ફાઇલ.
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઇલ.

ઠાકાર